# રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા નવા વર્ષની પ્રથમ પરિચય મીટિંગ



ગાંધીનગર, તા. ૧૨

રોટરી ક્લબ ઓફ ગાંધીનગરની વર્ષ ૨૦૧૮-૧૯ની પ્રથમ પરિચય મીટિંગ યોજાઈ હતી, જેમાં આ વર્ષે જોડાયેલ નવા સભ્યોને રોટરી વિષયક વાત કરવામાં આવી અને ઉપસ્થિત તમામ સભ્યોનો એકબીજા સાથે પરિચય કરાયો હતો.

આ વર્ષે રોટરી આંતરાષ્ટ્રીયની થીમ "રોટરી કનેક્ટસ ધી વર્લ્ડ" છે જેના ભાગ રૂપે સભ્યો એકબીજા સાથે કનેક્ટ થઈ શકે એ હેતુથી મીટીંગનું આયોજન કરાયું હતું.

સિનીયર રોટેરિયન રોટે. મહેન્દ્રભાઈ ભાવસાર દ્વારા ઉપસ્થિત તમામ સભ્યોને રોટરીની સ્થાપનાથી લઈ, તેના હેતુ, કાર્યો અને કયા વિભાગોમાં રોટરી કામ કરે છે તેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તમામ નવા સભ્યોનું સ્વાગત જુના સભ્યો દ્વારા પુસ્તક આપી કરવામાં આવ્યું હતું. નવાં સભ્ય ડો. સોનલ લેન્ડે, પંકજ મોખરિયા, ભાસ્કર બેનરજી, જાગૃતિબેન પટેલ, રજનીકાંત ભટ્ટ અને સચિન પટેલ આ મિટિંગમાં ઉપસ્થિત રહ્યા હતા.

## કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા
# ૪૮મી સર્વ નેતૃત્વ તાલીમ શિબિર સંપન્ન





ગાંધીનગર, તા. ૧૨

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા પાંચ દિવસીય "૪૮મી સર્વ નેતૃત્વ" નિવાસી તાલીમ શિબિરનું આયોજન સર્વ વિદ્યાલય, કડી ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં સર્વ વિદ્યાલયની ૧૪ વિવિધ કોલેજોમાંથી ૬૪ વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

પાંચ દિવસીય કેમ્પમાં માસ્ટર ટ્રેનર તરીકે દીપકભાઈ તેરૈયા અને ઉમાબેન તેરૈયાએ ઉપસ્થિત રહી ગેમ્સ, શોર્ટ ફિલ્મ્સ, ગ્રુપ વર્ક અને સ્ટ્રક્ચરલ પ્રશ્નાવલી દ્વારા નેતૃત્વનાં વિવિધ પાસાઓને સાંકળી લેતા જીવનલક્ષી વિષયોની તાલીમ આપી હતી. વધુમાં તેમણે વિદ્યાર્થીઓને મૌન રહીને પોતાની અંદર ડોકિયું કરવા પ્રેર્યા હતા, સંબંધોનું મહત્વ સમજાવતા લાઈફ ટ્રી ની સમજ આપી હતી, "વસુધૈવ કુટુમ્બકમ"નો ભાવ જગાડવા જ્ઞાતિવાદ અને કોમવાદથી ઉપર ઉઠી સારા માનવ બનવા આહવાન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં સ્વનિર્માણથી રાષ્ટ્રનિર્માણ સુધીના પાઠ તેમણે તાલીમાર્થીઓને શીખવ્યા હતા. તાલીમ દરમિયાન ગેસ્ટ સ્પીકર તરીકે નિષ્ઠાબેન ઠાકરે ઉપસ્થિત રહી પોતાના જીવન સંઘર્ષની વાત કરી વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી હતી. ડો. કપિલ ત્રિવેદી દ્વારા રોજ સવારે યોગ, પ્રાણાયામ અને વ્યાયામનું મહત્વ સમજાવી અનુભવ પણ કરાવાયો હતો. સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલ દ્વારા તમામ તાલીમાર્થીઓને અભિનંદન પાઠવાયા હતા અને શ્રેષ્ઠ તાલીમાર્થીઓને પુસ્તક આપી સન્માનિત કરાયા હતા. તમામ તાલીમાર્થીઓને કાર્યક્રમના અંતે ઉવારસદ સ્થિત સદવિચાર પરિવાર વિકલાંગ કેન્દ્રની મુલાકાત કરાવી અને તેમના દ્વારા ચલાવવામાં આવતી પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. સમગ્ર શિબિરનું સંચાલન અને આયોજન ડો. ધર્મેન્દ્ર પટેલ, ખુશ્બુ પટેલ અને ઉદય વૈદ્ય દ્વારા કરવામાં આવ્યું હતું. પૂર્વ તાલીમાર્થી સુરજ, પ્રકાશ, દીપ, હર્ષ, ચિરાગ, આરતી અને યોગીતા દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા પ્રશંસનીય કામગીરી કરવામાં આવી હતી.

# સરકારી વિનયન કૉલેજના વિદ્યાર્થીઓ અંધજન મંડળની મુલાકાતે

ગાંધીનગર, તા. ૧૨

કોલેજના યુવાન વિદ્યાર્થીઓમાં દિવ્યાંગ પ્રજ્ઞાચક્ષુ પ્રત્યે ના બીજ રોપાય અને વિદ્યાર્થીઓ આ બાબતે જાગૃત બને તેવા હેતુસર થી સરકારી વિનયન કોલેજના ભુગોળ વિભાગના વિદ્યાર્થીઓએ અને આઈ. ક્યૂ. એ. એ. સી.નાં કો-ઓર્ડિનેટર ડૉ. નિયતિ મિસ્ત્રી, ગ્રંથપાલ મહેશ નંદાણિયા, પ્રો. અજય વાળંદ અને પ્રા. કૃષ્ણવીરસિંહ ઝાલા દ્વારા અંધજન મંડળ, અમદાવાદની મુલાકાત લેવામાં આવી હતી.

આ સંસ્થાના પી.આર.ઓ શારદાબેન દ્વારા બ્લાઈન્ડ પીપલ એસોસિએશનની વિવિધ પ્રવૃતિ અંગે, સંસ્થાના સ્વયંસેવકો દ્વારા વિદ્યાર્થીઓને સંસ્થાની દિવ્યાંગ દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિની વિગતો આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ વિઝન ઈન ડાર્કનેસની મુલાકાત પણ લીધી હતી.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળાના ધોરણ-૧,૨ના ૩૬૩ જેટલા વિદ્યાર્થીઓ માટે બાલોદ્યાનની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ રસપૂર્વક આ મુલાકાતમાં શરીક થઈ ઉદ્યાન અને તેમાં સામેલ વિવિધ રાઈડ્સનો આનંદ માણ્યો હતો.

# આજે ચિલ્ડ્રન યુનિવર્સિટી ખાતે માતૃભાષાની કાર્યશાળા યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

૧૩મી જુલાઈ, શનિવારના દિવસે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગરના સભાખંડમાં બપોરે સાડાત્રણથી છ વાગ્યા દરમિયાન માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનની ત્રેવીસમી કાર્યશાળા યોજાઈ રહી છે.

આ કાર્યશાળામાં એક આદર્શ શિક્ષક, માતૃભાષાના હિમાયતી, સફળ નવલકથાકાર, સારા વાર્તાકાર અને ગુજરાતી વ્યાકરણના અચ્છા અભ્યાસુ કલ્પેશભાઈ પટેલ 'ગુજરાતી વ્યાકરણમાં સમાસ અને સંધી (ભાગ-૨)'નો રસપ્રદ વિષય પોતાની આગવી શૈલીથી ભણાવવા આવી રહ્યા છે. માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનની ગત કાર્યશાળામાં તેઓનો સમાસ અંગેનો વર્ગ ખૂબજ ઉપયોગી અને રસપ્રદ રહ્યો હતો. સમાસ અને સંધી એ વ્યાકરણના અતિ મહત્ત્વના અંગો છે. સૌ ભાષાસાધકોને આ કાર્યશાળાનો લાભ લેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. પોતાના આગમનની સૂચના સંયોજકના ફોન નં ૯૮૨૫૭ ૦૯૭૭૮ પર અચૂક આપવા પણ આયોજક સંસ્થા દ્વારા વિનંતી કરવામાં આવી છે.

# ગાંધીનગર શહેરમાં કાર્યરત સિધ્ધાર્થ લૉ કૉલેજ ખાતે અભ્યાસ વર્ગોનો પ્રારંભ કરાયો

ગાંધીનગર, તા. ૧૨

સિધ્ધાર્થ લૉ કૉલેજ ખાતે વિવિધ વર્ગોનો આરંભ થઈ ચૂક્યો છે એવું આચાર્ય ડૉ. દિલીપ એ મેવાડાની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

કૉલેજ ખાતે ઍલઍલબી, ડીટીપી, ડીઍલપી અને ઍલઍલઍમના નિયમિત વર્ગો શરૂ થઈ ચૂક્યા છે, જેમાં વિદ્યાર્થીઓને ફરજિયાત હાજર રહેવા તેમણે જણાવ્યું છે.

# યુનિક યુ સ્કૂલ દ્વારા રોબોટીક્સની તાલીમ



યુનિક યુ સ્કૂલ દ્વારા ધોરણ-૬થી ૯ના વિદ્યાર્થીઓને રોબોટીક્સ અંગે તાલીમ આપવામાં આવી હતી. આ કાર્યક્રમનો ઉદ્દેશ ટેકનોલોજી અપનાવવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાનો અને વિદ્યાર્થીઓને ટેકનોલોજી ક્ષેત્રમાં યોગ્ય માર્ગદર્શન મળી રહે તેવો હતો. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક આ ઉપક્રમમાં ભાગ લઈ તેનો લાભ ઉઠાવ્યો હતો.

# એરફોર્સની ગૃપ એક્સ અને વાયની પરીક્ષા વિશે માહિતી આપશો

**કરિયર કોર્નર**
કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ
હાર્દિક કે. પરીખ

નમસ્કાર. વાચકમિત્રો, આપનો સાથ અને સહકાર અમૂલ્ય છે. આપ લોકોના નિયમિતપણે આવતા ફીડબેક મારા આ કોલમ પ્રતિ ના લગાવ ને વધારે ને વધારે મજબૂત કરે છે. મને કહેતા ખૂબ આનંદ થાય છે કે હવે આ કોલમ ના વાંચકો માત્ર ગાંધીનગર શહેર માં જ નહિ પણ ગાંધીનગરની આસપાસના વિસ્તારો માં પણ વધી રહ્યા છે. સરસ વાત તો એ છે કે કેટલાક લોગો આ કોલમ ઓન-લાઈન વાંચી રહ્યા છે અને પ્રશ્નો પૂછી જ્ઞાનવર્ધક વાતો માં સહભાગી થઈ રહ્યા છે. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે હિમતનગર, મોડાસા, કડી, કાલોલ, ભિલોડા, માણસા, ચાંદખેડા, પાલનપુર, અંબાજી, વગેરે શહેરોથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ મને ખૂબ પ્રોત્સાહિત કરે છે. પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ હું કોશિશ કરતો રહીશ. જગ્યાની મર્યાદા હોવાથી બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો : facebook.com/questions.careercorner પર...

**૧. હું ૧૧ સાયન્સ માં અભ્યાસ કરું છું.મારે ગેમ ડેવલોપર બનવું છે.માહિતી આપશો.**
**- જયેશ દેવડીયા, ગાંધીનગર**

જયેશ, ભારતમાં ગેમ ડેવલપમેન્ટ ઈન્ડસ્ટ્રી ચુનંદા ઉધોગમાંનો એક છે. તેમાં ગેમ ડેવલપર તરીકે કરિયર બનાવી શકો છો. આ માટે શું કરવું પડે તેના વિશે જાણીએ.મુખ્યત્વે બે પ્રકારના પ્લેટફોર્મ પર આપ કામ કરી શકો છો.એક છે મોબાઈલ ગેમિંગ અને બીજું છે કોમ્પ્યુટર ગેમિંગ.સૌપ્રથમ મોબાઈલ ગેમિંગ વિષે માહિતી મેળવીએ .મોબાઈલ ગેમમાં મોબાઈલ ફોન, પીડીએ, હેન્ડહેલ્ડ કોમ્પ્યુટર વિગેરે પર રમી શકાય છે. નેટવર્ક ગેમ માટે અનેક ટેકિનકનો ઉપયોગ થાય છે. કેટલાક નૉન નેટવર્ક એપ્લિકેશન પણ છે. તેનો ઉપયોગ ડિવાઈસ પ્લેટફૉર્મનું ગેમ સોફટવેર ચલાવવામાં થાય છે.સામાન્ય રીતે મોબાઈલ ઓપરેટર કે રેડિયો નેટવર્કના માધ્યમથી ડાઉનલોડ



કરાય છે. વીડિયો ગેમ વિકસાવવાનું કામ મુખ્યત્વે પ્રોગ્રામર અને ગ્રાફિક ડિઝાઈનરનું હોય છે. મિલ્ટમીડિયા મનોરંજનના રૂપમાં આધુનિક વીડિયો ગેમમાં ૩-ડી આર્ટ, સીજી ઈફેકટ, સાઉન્ડ ઈફેકટ, સંગીત ઉપર પણ કામ કરી શકો છો.કોમ્પ્યુટર ગેમ્સ માં પર્સનલ કોમ્પ્યુટર પર રમાતી ગેમ્સ મોટા ભાગે એન્ડ-યૂઝર મૉડિફિકેશન્સ સાથે ડિઝાઈન કરાય છે. આઈડી સોફટવેર, વોલ્વ સોફટવેર, ક્રાઈટેક, એપિક ગેમ્સ અને બિલ્ઝાર્ડ એન્ટરટેનમેન્ટ જેવા ડેવલપર્સનો ઉપયોગ ગેમ બનાવવામાં થાય છે.હવે આ ક્ષેત્ર માં આગળ વધવા માટે ગેમ ડેવલપર્સ સામાન્ય રીતે પ્રોગ્રામર, ગેમ ડિઝાઈનર, આર્ટિસ્ટ સાઉન્ડ એન્જિનિયર, પ્રોડ્યુસર અને ગેમ ટેસ્ટરની નિમણૂક કરે છે. પ્રોગ્રામર નવા સોર્સ કોડ લખે છે. ગેમ આટિર્સ્ટ ગેમ એસેટ જેમ કે સ્પ્રાઈટ્સ કે ૩ડી મૉડલ વિકસાવે છે. ગેમ ડિઝાઈનર, ગેમની સ્ક્રિપ્ટ લખે છે.સાઉન્ડ એન્જિનિયર સાઉન્ડ ઈફેકટ વિકસાવે છે. જયારે કમ્પોઝર ગેમ માટે સંગીત પીરસે છે. લેવલ ડિઝાઈનર ગેમના લેવલ બનાવે છે અને રાઈટર કટસીન અને એનપીસી માટે ડાયલોગ લખે છે. ગેમ પ્રોગ્રામર સ્ક્રિનની સામે બેસે છે અને આખી ગેમને એક આકાર આપે છે. ગેમ ટેસ્ટર ગેમની ખામીઓ તપાસે છે.ગેમ ડેવલપર બનવા માટે ડિઝાઈનિંગમાં ડિગ્રી કે ડિપ્લેમાનો અભ્યાસ કરેલો હોવો જોઈએ. ડેવલપિંગમાં સોફટવેર એન્જિનિયરિંગની સાથોસાથ સી પ્લસ પ્લસ, જાવા અને ૩ ડીમાં કુશળતા હોવી જોઈએ.આ અભ્યાસ આપ નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન, અમદાવાદ,ઈમેજ કોલેજ ઓફ આર્ટ્સ એનિમેશન એન્ડ ટેકનોલોજી, ચેન્નઈ સ્કૂલ ઓફ એડવાન્સ ગ્રાફિકસ એન્જિનિયરિંગ, નવી દિલ્હી,નેશનલ મિલ્ટમીડિયા રિસોર્સ સેન્ટર, પૂણે, માયા એકેડમી ઓફ એડવાન્સ્ડ સિનેમેટિકસ, મુંબઈ જેવી સંસ્થાઓમાંથી કરી શકો છો. વધુ માહિતી માટે ઈમેલ અથવા વ્હાટ્સએપ કરી શકો છો. શુભકામનાઓ એક સફળ અને ઉજ્જવળ કારકિર્દી માટે.

**૨. હું બી.કૉમ ના પ્રથમ વર્ષ માં અભ્યાસ કરું છું. હાલ બહાર પડેલ એરફોર્સની ગ્રૂપ એક્સ અને વાયની પરીક્ષા વિશે માહિતી આપશો.**
**- સાગર મગરવાડીયા, જૂનાગઢ**

સાગર, સૌપ્રથમ તો આપને ધન્યવાદ કે આપ હજુ કોલેજ શરૂ જ કરી છે અને આપ આપના ભવિષ્ય વિશે વિચારી રહ્યા છો.એમાં પણ આપ સંરક્ષણ ક્ષેત્રે જવા માંગો છો જે ખૂબ સારી વાત છે.તો આપણે જણાવી દઈએ કે ગ્રૂપ એક્સ એટ્લે ટેકનિકલ ક્ષેત્ર અને વાય એટલે નોન ટેકનિકલ ક્ષેત્ર.એટ્લે કે જે વિધ્યાર્થીઓ એ એમનું ધો.૧૨ ફિઝીક્સ અને કેમેસ્ટ્રી અને ગણિત જેવા વિષય ઓછા માં ઓછા ૫૦ ટકા સાથે અને અંગ્રેજી પણ ૫૦ ટકા સાથે પાસ કરેલ છે એ વિદ્યાર્થીઓ આ પરીક્ષા માટે લાયક ઠરે છે. ગ્રૂપ વાય એટ્લે નોનટેકનિકલ ક્ષેત્ર એટ્લે કે જે વિધ્યાર્થીઓ એ એમનું ધો.૧૨ (૧૦+૨) ૫૦ ટકા સાથે અને અંગ્રેજી વિષય પણ ઓછામાં ઓછા ૫૦ ટકા સાથે પાસ કરેલ છે એ વિદ્યાર્થીઓ ગ્રૂપ વાયની પરીક્ષા માટે લાયક ઠરે છે. અને આ પરીક્ષા માટે ઉમર પણ



બાધિત છે જે ૨૧ વર્ષ(૧૯ જૂલાઈ ૧૯૯૯ થી ૧ જૂલાઈ ૨૦૦૩) છે.આ પરીક્ષા બે ચરણો માં લેવામાં આવે છે.પ્રથમ ચરણ માં ગ્રૂપ વાય માટે વાત કરીએ તો અંગ્રેજી ના ૨૦ માર્ક્સ અને રીઝનિંગ – જનરલ અવેરનેસ ના થઈ ને ૩૦ એમ કુલ ૫૦ માર્કસ નું પેપર આવે છે જેના માટે આપણે ૪૫ મિનિટ આપવામાં આવશે.એ ઉત્તીર્ણ કર્યા બાદ બીજા ચરણ માં ફિઝિકલ જેમાં આપની ઊંચાઈ ,વજન જેવી શારીરિક બાબતો અને દોડ અને પુશ-અપ્સ થકી ફિટનેસ ચેક કરવામાં આવે છે.અને આપણે એ પણ જણાવી દઈએ કે આ ફોર્મ ઓનલાઈન ભરવાની છેલ્લી તારીખ ૧૫ જૂલાઈ છે.તો જો આપને આ ફોર્મ ભરવાનું બાકી હોય તો આપ આ ફોર્મ આજે જ ભરવું હિતાવહ છે.આ પરીક્ષા ની સંભવિત તારીખ ૨૪ સપ્ટેમ્બર છે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જવલંત કારકિર્દી માટે!

**૩. હું અત્યારે ધોરણ ૧૨માં અભ્યાસ કરું છું. ફેશન ડિઝાઇનર બનવા માટે શું કરવું જોઇએ?**
**- નેહલ પરમાર, અમદાવાદ**

ફેશન ડિઝાઈનર્સ વિવિધ આકાર અને પ્રકારના કપડાંની ડિઝાઈન તૈયાર કરે છે. જેના થકી આપ વિવિધ ક્ષેત્ર કે જેમાં અલગ-અલગ પ્રકારના કપડાંનો ઉપયોગ / ઉત્પાદન થાય છે તેમાં કામ મેળવી શકો છો. ડિઝાઈનર્સ ઘણી વાર ખાસ પ્રકારનાં કપડાંમાં નિષ્ણાત હોય છે - ઉદાહરણ તરીકે, પુરુષો, બાળકો અથવા સ્પોર્ટ્સવેર વિગેરેમાં. ફેશન ડિઝાઈનર બનવા માટે તમારી પાસે રંગ અને આકારની સારી પરખ હોવી જરૂરી છે. તેના માટે આપે આપની નજર સતેજ કરવી જરૂરી છે.તમારે પેટર્ન-કટીંગ અને સીવણ જેવી કુશળતાની જરૂર પડશે. અને વધુમાં આપને ફેશન ટ્રેન્ડ એટ્લે કે હાલ બજારમાં કેવા પ્રકારની ફેશનની માંગ છે તેનું જ્ઞાન હોવું અને રાખવું જરૂરી છે. તમારે સામાન્ય રીતે ફેશન ડિઝાઈન સંબંધિત ઉચ્ચશિક્ષણ પણ પ્રાપ્ત કરવાની જરૂર પડશે, જેમ કે બેચલર ઓફ ડિઝાઈન,બેચલર ઓફ સાઈન્સ (ફેશન ટેકનોલૉજી) વિગેરે. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન (એન.આઈ.ડી), નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેક્નોલૉજી, પર્લ ઈન્સ્ટિટ્યૂટ વિગેરે ભારતની પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં આવે છે હે આપને ફેશન ડિઝાઈનના કોર્સ કરાવે છે. તદુપરાંત તકનીકી કુશળતા પણ શીખવવામાં આવે છે જે તમને વ્યવહારિક જ્ઞાન આપશે જે તમને વિવિધ ક્ષેત્ર અથવા ઉદ્યોગમાં કામ કરવા માટે ઉપયોગી થશે. ઘણા પ્રાઈવેટ કોર્સ પણ હોય છે જે આપને આ બધી તાલીમ આપતા હોય છે. પ્રાઈવેટ કોર્સમાં જતાં



પહેલા તેની વ્યવસ્થિત ચકાસ કરી લેવી હિતાવહ છે. એ સિવાય તાલીમ પૂર્ણ થયા બાદ આપે આપનો પોર્ટફોલિઓ તૈયાર કરવાનો રહેશે જેમાં આપના વિવિધ કામના નમૂના આપે જોડાણ કરેલા હોય. કોઈ કંપની આપને આપે તૈયાર કરેલ કોઈ ડિઝાઈન સાથે લઈ ને બોલાવી શકે છે જે માટે આપે તૈયાર રહેવું જરૂરી છે. આ ક્ષેત્રમાં અન્ય દેશો કરતાં ભારતમાં સ્પર્ધા ઓછી છે તેમ છતાં આપે આ માટે મેહનત અને ખંતથી આપની પ્રતિભામાં વધારો કરી સફળ થઈ શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જવલંત કારકિર્દી માટે!

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ : questions.careercorner@gmail.com
વોટ્સએપ નંબર : 88492 21653
ફેસબુક: www.facebook.com/questions.careercorner

# જલદી પાછા ફરો

॥ બીજો મણકો ॥

સુવાવડ વગેરે શાસ્ત્રીય પધ્ધતિ પ્રમાણે કરવાં એમ અમે બંનેએ નિશ્ચય કર્યો હતો. તેથી, જોકે દાક્તર તેમ જ નર્સની ગોઠવણ તો હતી જ, છતાં કદાચ ખરી ઘડીએ દાકતર ન મળે ને દાઈ ભાગે તો મારા શા હાલ થાય ? દાઈ તો હિંદી જ રાખવાની હતી, શીખેલી હિંદી દાઈ હિંદુસ્તાનમાં મુશ્કેલીથી મળે તો દક્ષિણ આફ્રિકામાં તો વાત જ શી ? એટલે, મેં બાળઉછેરનો અભ્યાસ કરી લીધો. દા. ત્રિભુવનદાસનું 'માને શિખામણ' નામનું પુસ્તક વાંચ્યું. તેમાં સુધારાવધારા સાથે છેલ્લા બે બાળકોને મેં જાતે ઉછેર્યાં એમ કહી શકાય. દાઈની મદદ દરેક વખતે થોડો જ સમય-બે માસથી વધારે તો નહી જ-લીધેલી; તે પણ મુખ્યત્વે ધર્મપત્નીની સેવાને ખાતર બાળકોને નવડાવવા ધોવડાવવાનું કામ શરૂઆતમાં મારે હાથે થતું. છેલ્લા બાળકના જન્મ વખતે મારી કસોટી પૂરેપૂરી થઈ. પ્રસૂતિની વેદના એકાએક શરૂ થઈ. દાકતર ઘેર નહીં. દાઈને તેડાવવાની હતી. તે પાસે હોત તોપણ તેનાથી પ્રસવ કરાવવાનું કામ ન થઈ શકત. પ્રસવ વખતમાં બધું કાર્ય મારે હાથે જ કરવું પડ્યું. સદ્ભાગ્યે મેં આ વિષય 'માને શિખામણ'માંથી સુક્ષ્મ રીતે વાંચી લીધો હતો. તેથી મને ગભરાટ ન થયો.

મેં જોયું કે, પોતાનાં બાળકોને યોગ્ય રીતે ઉછેરવાં હોય તો મા અને બાપ બંનેએ બાળકોના ઉછેરનું સામાન્ય જ્ઞાન મેળવી લેવું જોઈએ. મેં તો મારી આ વિષયની કાળજીના લાભ ડગલે ડગલે જોયા છે. જે સામાન્ય તંદુરસ્તી મારા બાળકો આજે ભોગવે છે તે જો મેં તે વિષે સામાન્ય જ્ઞાન મેળવી તેનો અમલ ન કર્યો હોત તો ન ભોગવી શકત. આપણામાં એવો વહેમ છે કે, પહેલાં પાંચ વર્ષમાં બાળક જે પામે છે તે પછી પામતું જ નથી. બાળકની કેળવણી માતાના ઉદરમાંથી શરૂ થાય છે એમ હું અનુભવથી કહી શકું છું. ગર્ભાધાનકાળની માતાપિતાની શારીરિક તેમ જ માનસિક સ્થિતિની અસર બાળક ઉપર પડેછે. ગર્ભકાળની માતાની પ્રકૃતિ, માતાના આહારવિહારનાં સારાં માઠા ફળનો વારસો લઈ બાળક જન્મે છે. જન્મ્યા પછી તે માતાપિતાનું અનુકરણ કરતું થઈ જાય છે. અને જાતે અપંગ હોવાથી તેના વિકાસનો આધાર માતાપિતા ઉપર રહે છે. આ વિચારો જે સમજુ દંપતી કરશે, તે તો કદી દંપતીસંગને વિષયવાસના સંતોષવાનું સાધન નહીં બનાવે; પણ જ્યારે તેમને સંતતિની ઈચ્છા થશે ત્યારે જ સંગ કરશે. રતિસુખ એક સ્વતંત્ર વસ્તુ છે એમ માનવામાં મને તો ઘોર અજ્ઞાન જ જણાય છે. જનનક્રિયા ઉપર સંસારની હસ્તીનો આધાર છે. સંસાર એ ઈશ્વરની લીલાનું સ્થાન છે, તેના મહિમાનું પ્રતિબિંબ છે. તેની સુવ્યવસ્થિત વૃધ્ધિને અર્થે જ રતિક્રિયા નિર્માયેલી છે એમ સમજનાર વિષયવાસનાને મહાપ્રયત્ને કરીને પણ રોકશે; અને રતિભોગને પરિણામે જે સંતતિ થાય તેની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક રક્ષા કરવાને અંગે મેળવવુ જોઈએ તે જ્ઞાન મેળવશે ને તેનો ઉપયોગ પોતાની પ્રજાને આપશે.

150 ગાંધીયાત્રા



'સત્યના પ્રયોગો'માંથી સાભાર